મોબાઈલ૯૮૨૫૪૭૩૬૯૫



## આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | કૃષ્ણ પક્ષ ચતુર્થી તારીખ ૫ નવેમ્બરના સવારે ૫:૧૪ સુધી |
| વાર | બુધ |
| નક્ષત્ર | તા. ૫ નવેમ્બર સવારે ૪:૫૧ સુધી મૃગશીર્ષ, ત્યાર બાદ આર્દ્રા |
| કરણ | બવ સાંજે ૪:૨૨ સુધી, ત્યાર બાદ બાલવ તા. ૫ નવેમ્બર સવારે ૫:૧૪ સુધી, ત્યાર પછી કૌલવ |
| યોગ | શિવ (અહોરાત્ર – આખો દિવસ અને રાત્રે) |
| આજની રાશિ | બપોરે ૩:૪૪ સુધી વૃષભ, પછી મિથુન |
| રાશિના અક્ષરો | બપોરે ૩:૪૪ સુધી બ. વ. ઉ., પછી ક. છ. ઘ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**
આજે બપોર સુધી આપ ધન ધાન્ય અંગેના વિચારોમાં મગ્ન રહેશો પણ એક્શન લેવાનું ત્યાર પછી જ શરુ થશે. બપોર પછી અચાનક કમ્યુનિકેશન વધી જશે. લોકો આપનો સંપર્ક વધારે કરશે અથવા તો આપ લોકોના સંપર્કમાં વધારે આવો તેવા સંજોગો ઘડાશે. આજનો દિવસ વિસ્તૃતિકરણ નહીં પણ જે કંઈ છે, તેને જાળવી રાખવાનો છે. તેથી, નવું સાહસ કરશો જ નહીં.

**વૃષભ (બ. વ. ઉ.)**
આજે દિવસની શરૂઆત સારી રહેશે અને દિવસનો ઉત્તરાર્ધ તેથી પણ વધુ સારો રહેશે. આર્થિક બાબતોમાં જે મૂંઝવણ હશે તેનું નિરાકરણ આવશે. આજે આપનું મન, બપોર પછી પરિવાર તરફ ઢળેલું રહેશે. તેમની જરૂરિયાતો, તેમની સમસ્યાઓ અને તેમની સાથે સંકળાયેલી બાબતોમાં આપ રસ લેશો. આજે ઈન્વેસ્ટ કરવા માટે સારો દિવસ છે, પણ શેર-બજારમાં નહીં હોં !

**મિથુન (ક. છ. ઘ)**
આજે સવારમાં જાણે જિંદગીનો ચાર્મ જતો રહ્યો હોય એવું લાગશે. દિવસ જેમ આગળ વધશે તેમ ઉત્સાહમાં પણ વધારો થશે. બપોર પછી બધું સારું લાગવા લાગશે. સવારે જે ચિંતાના વાદળો છવાયેલાં હતાં, એ પણ દૂર થશે. જો બપોર પછી કોઈ નવું કામ હાથ ધરશો તો તેમાં સફળતા મળશે. આજનો દિવસ ઉત્તરોત્તર સારો થતો હોવાથી આશાવાદી રહેજો.

**કર્ક (ડ. હ.)**
આપનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે લાગણીશીલ છે, પણ આજે તર્ક દોડાવી અને કોઈ પણ બાબત વિષે વિચારવું. જો લાગણી દ્વારા દોરવાઈને નિર્ણય લેશો તો આપ ખોટાં પડશો. બેસ્ટ એ છે કે, લોજીકલી વિચારો. એવું વિચારો કે આપને ફાયદો છે કે નુકસાન? આજે બીજા લોકોની જરૂરીયાત માટે પૈસા ખર્ચાય એવું બને.

**સિંહ (મ. ટ.)**
છેલ્લા થોડાક સમયથી જે દિશામાં મહેનત ચાલી રહી છે, તે બાબતે બપોર પછી આપને પરિણામો દેખાવા લાગશે. મહેનત લેખે લાગી, એવું સમજાશે અને તેથી આપ વધુ મહેનત કરવા પણ પ્રેરાશો. અટકેલાં કાર્યો આગળ વધે અને તેમાં અન્ય લોકોનો સહકાર પણ મળી રહે. આજે આપ નોકરી ધંધા માટે મુસાફરી કરો તો પણ લાભ થાય. આજે નવી મિત્રતાની શરૂઆત થઈ શકે.

**કન્યા (પ. ઠ. ણ)**
ગ્રહો એવું સૂચવે છે કે જે મુદ્દા પર અત્યારે મહેનત અને ચર્ચા ચાલી રહી છે, તે મુદ્દાઓ વધારે સ્પષ્ટ થશે. બપોર પછી આપ થોડાક કન્ફ્યુઝ થશો. દ્વિધા એ બાબતે થશે કે નોકરી કે ધંધામાં શું નિર્ણય લેવો. વાસ્તવિકતાઓ અને ગ્રાઉન્ડ રિઆલિટીને ધ્યાનમાં રાખી અને નિર્ણય લેશો, તો સારું પડશે. એવું ન કરતાં કે આવેશમાં નિર્ણય લેવાઈ જાય. આપ બુદ્ધિવાદી છો, તર્કપૂર્ણ રહેજો.

**તુલા (ર. ત.)**
જે કંઈ કરશો તેમાં સરસ પ્રતિસાદ મળશે. આજના દિવસે જુની તકો ફરીથી જાગૃત થાય તેવું બને. જુના સંપર્કો તાજાં કરવા માટે આજનો દિવસ બહુ સારો છે. બપોર પછીનો સમય આપને વધુ લાભ આપી જશે. જો બિઝનેસ કરતાં હશો તો તેમાં નવા ઓર્ડર્સ મળી શકે. નોકરીયાતોના કાર્યો સરસ રીતે પાર પડશે. આજે સેલ્ફ-માર્કેટિંગ કરવા માટે સરસ દિવસ છે.

**વૃશ્ચિક (ન. ય.)**
દિવસની શરૂઆત સારી રહેશે. જેમ જેમ દિવસ આગળ વધશે તેમ ઊર્જામાં ઘટાડો થશે. એનર્જી બ્લોક થઈ ગઈ છે એવું લાગ્યા કરે. જેવી રીતે બીજા લોકો આપની સાથે વર્તન કરશે તેવું જ વર્તન આપ કરશો. પણ, હકીકતે આપ સારપ ન છોડો તો સારું. બપોર પછી ગૂઢ વિદ્યાઓમાં અભિરુચિ થાય. આજે જીવનની સાર્થકતા વિષે વિચારો આવ્યા કરશે.

**ધન (ભ. ફ. ધ. ઢ)**
આજે દિવસનો ઉત્તરાર્ધ થોડો ચિંતાજનક હોવાનો છે. આપ વિશેષ મહેનત કરશો તો પણ ધાર્યું પરિણામ કદાચ ન મળે. દિવસના પૂર્વાર્ધમાં આપને કાર્યભાર પણ જણાશે અને લોકો આપનો સંપર્ક કરવા પણ કોશિશ કરશે. દિવસના ઉત્તરાર્ધમાં કોઈને સલાહ આપશો તો એ વ્યક્તિને કદાચ બહુ હેલ્પ નહીં થાય પણ દિવસના પૂર્વાર્ધમાં આપેલી સલાહની સામે આપને સરાહના મળશે.

**મકર (ખ. જ.)**
આપ દિવસ શરુ કરશો ત્યારે ખૂબ એનર્જી હશે. આપ બધી શક્તિઓ અડધા દિવસમાં જ ખર્ચી નાખો તેવું બને. પરિણામસ્વરૂપ આપને દિવસના પછીના ભાગમાં થાક વર્તાય. ઓફિસથી વહેલાં ઘરે જતાં રહેવાની ઈચ્છા થાય. તબિયત પણ કદાચ સાંજે થોડી ઢીલી રહે. જો શક્તિઓનો સમતોલ ઉપયોગ કરશો તો આજના દિવસે વાંધો નહિ આવે.

**કુંભ (ગ. શ. સ.)**
આજે સવારથી બપોર સુધી પોતાના ઘર પરિવાર પરત્વે ધ્યાન ખેંચાયેલું રહે. બપોર પછી આપ ભવિષ્યના પ્લાનિંગમાં વ્યસ્ત થાઓ. આજે આપ બપોર પછી જે કામ કરશો તેમાં નવું જાણવા/શીખવા મળશે અને સાથે સાથે આનંદ પણ આવશે. સાંજે બહાર ફરવા જવાની ઈચ્છા થાય અથવા આવતીકાલનું એડવાન્સ પ્લાનિંગ કરો. નોકરીમાં સારો દિવસ, પણ બપોર પછી. બિઝનેસમાં નવી તકો, બપોર પછી.

**મીન (દ. ચ. ઝ. થ)**
આજનો દિવસ આપના માટે નવી બાબતો લઈને આવશે. નવા વિચારો, જીવનની નવી દિશા, તે માટેની સ્પષ્તા, ચર્ચા કરવા માટે આજનો દિવસ સારો છે. બપોર પછી વધારે તર્ક દોડાવશો તો દ્વિધામાં વધારો થશે પણ જો ખપ પૂરતું જ વિચારશો તો સારાં નિર્ણયો લઈ શકશો. બીજા લોકોના વિચારોથી પ્રભાવિત ન થતાં. આપને જે યોગ્ય લાગે છે, તે જ કરજો.

# રાજ્યની આઠ બેઠકની પેટા ચૂંટણીમાં ૫૯ ટકા મતદાન

## મોરબીમાં ૨૦ જગ્યાએ ઈવીએમ ખરાબ : ડાંગમાં ૭૪.૭૧ ટકા સૌથી વધુ જ્યારે ધારીમાં સૌથી ઓછું ૪૨.૧૮ ટકા મતદાન : ૧૦મી નવેમ્બરે પરિણામ આવશે

ગુજરાતમાં વિધાનસભાની ૮ બેઠકની પેટાચૂંટણીમાં સરેરાશ ૫૯% મતદાન નોંધાયું છે. જેમાં સૌથી વધુ ડાંગ બેઠક પર ૭૪.૭૧% મતદાન નોંધાયું છે જ્યારે અમરેલીના ધારીમાં સૌથી ઓછું ૪૨.૧૮% મતદાન નોંધાયું છે. આ ઉપરાંત વલસાડની કપરાડા બેઠક પર ૬૭.૩૪% મતદાન, વડોદરાની કરજણ બેઠક પર ૬૫.૯૪% મતદાન, કચ્છની અબડાસા બેઠક પર ૫૭.૭૮% મતદાન, સુરેન્દ્રનગરની લીંબડી બેઠક પર ૫૬.૦૪% મતદાન, મોરબી બેઠક પર અત્યાર સુધી ૫૧.૮૮% મતદાન, બોટાદની ગઢડા બેઠક પર ૪૭.૮૬% મતદાન. મતદાનની પ્રક્રિયા પૂર્ણ થતા કુલ ૮૧ ઉમેદવારોનાં ભાવી ઈવીએમમાં સીલ થયા છે. હવે જોવાનું રહેશે કે આગામી ૧૦ નવેમ્બરે પેટાચૂંટણીના પરિણામમાં કોનું ભવિષ્ય ચમકે છે. મોરબીમાં ૨૦ જગ્યાએ ઈવીએમમાં ખરાબી જોવા મળી હતી, જેના કારણે તાત્કાલિક ધોરણ તમામ ઈવીએમને બદલવામાં આવ્યા હતા. ત્યાં જ કરજણનો એક વીડિયો હાલમાં સોશિયલ મીડિયામાં ખુબ જ વાયરલ થઈ રહ્યો છે જેમા કેટલાક લોકો રિક્ષામાં બેસી મતદાન કરવા જતા મતદાતાઓને રોકડા રૂપિયા આપી રહ્યાં છે અને કહી રહ્યા છે કે, ઈવીએમનું પ્રથમ બટણ દબાવી ભાજપને વોટ આપજો, આ મામલે વાયરલ વીડિયો બાદ અમિત ચાવડાએ આકરી પ્રતિક્રિયા આપી ભાજપ દ્વારા જનાદેશ ખરીદવાનો પ્રયાસ હોવાનો આક્ષેપ કર્યો છે.



મુખ્યમંત્રી દ્વારા મતદાન પુર્ણ થયા બાદ તમામ મતદાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ ટ્વીટ કરીને તમામ મતદાતાઓનો આભાર વ્યક્ત કરવાની સાથે તમામ ૮ બેઠકો પર ભવ્ય જીત થશે તેવો આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો.

# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૯૫૪ કેસ

## ગુજરાતમાં કોરોનાથી કુલ ૬ લોકોનાં મોત : રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૨૧૦૫૫૦ ટેસ્ટ કરાયા તેમજ ૧૫૯૪૪૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

રાજ્યમાં કોરોનાની સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ ને નીચે પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૯૫૪ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૧૯૭ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૫૯૪૪૮ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૭૮ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨૭૩૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૧.૩૭ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૨૧૦૫૫૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૨૨૫૩૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૨૨૪૩૨ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૦૪ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૦.૭૮ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૪૫૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર ઉપર ૬૧ છે. જ્યારે ૧૨૩૯૦ લોકો સ્ટેબલ છે. ૧૫૯૪૪૮ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૩૪ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨, સુરત કોર્પોરેશન ૨, મહેસાણા ૧, સુરત એક સહિત કુલ ૬ દર્દીઓનાં કોરોના વાયરસના કારણે મોત નિપજ્યાં છે.

## કાંકરેજના પૂર્વ ધારાસભ્ય ધારસિંહભાઈ ખાનપુરાનું ટૂંકી માંદગી બાદ નિધન

### સ્વ. ધારસીભાઈ ખાનપુરાને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

કાંકરેજ,તા.૩

ગુજરાતમાં હાલ પેટાચૂંટણીનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે કોરોના કાળમાં યોજાઈ રહેલી પેટાચૂંટણી વચ્ચે ગુજરાત કોંગ્રેસ માટે એક દુઃખદ સમાચાર સામે આવ્યાં છે. કાંકરેજના પૂર્વ ધારાસભ્ય ધારસિંહભાઈ ખાનપુરાનું ટુંકી માંદગી બાદ નિધન થયું છે. કોરોનાની સારવાર દરમિયાન અમદાવાદની હોસ્પિટલમાં તેમનું નિધન થયું છે. આ વિશે જાણવા મળી રહ્યું છે કે એક મહિનાથી યુ.એન. મહેતા હોસ્પિટલમાં તેઓ દાખલ હતા, ત્યારે ટૂંકી માંદગી બાદ ધારસિંહ ખાનપુરાનું નિધન થયું છે. ધારસિંહ ખાનપુરા કાંકરેજ તાલુકાના વડા ગામના વતની હતા. અનેક વખત તેઓ કાંકરેજના ધારાસભ્ય રહી ચૂક્યા છે. ખાનપુરાના નિધનથી ઠાકોર સમાજના લોકોને મોટી ખોટ પડી છે. કોંગ્રેસના ખાનપુરા ગરીબોના બેલી તરીકે જાણીતા હતા. ધારસિંહભાઈ ખાનપુરા કોંગ્રેસના પીઠ નેતામાંથી એક હતા. આમ હાલ રાજ્યમાં ચાલી રહેલ પેટાચૂંટણી વચ્ચે કોંગ્રેસ માટે એક દુઃખદ સમાચાર આવ્યાં છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કાંકરેજના પૂર્વ ધારાસભ્ય સ્વ.ધારસીભાઈ ખાનપુરાના દુઃખદ અવસાન અંગે શોક વ્યક્ત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે. મુખ્યમંત્રીએ સદગતને અંજલિ આપતા જણાવ્યું છે કે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજના પૂર્વ ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુરાના દુઃખદ અવસાનથી શોકમગ્ન છું. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ બક્ષે એવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના પણ મુખ્યમંત્રીએ કરી છે.

### ગાબડા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિનારીયો બદલાયો છે. ઘ માર્ગ પર ડાયવર્ઝન અપાતા ગ માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે ગ માર્ગને પણ સિકસલેન બનાવાની યોજના હાથ ધરાઈ છે. ત્યારે ઘ માર્ગ પરના દબાણો પણ હાલ ગ માર્ગ પર જાવા મળી રહ્યા છે. ગ માર્ગની કામગીરીને અનુલક્ષીને બન્ને બાજુ સાઈડમાં પત્થરો ગોઠવી દેવાયા છે. સાંકડા ગ માર્ગ પર દિવસ દરમિયાન વાહનોની અવરજવરનો ધમધમાટ જોવા મળે છે. ત્યારે માર્ગ સલામતીને અનુલક્ષી જોખમી સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં ગ માર્ગ પર કેટલાક ઠેકાણે ગાબડા પડયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ ગાબડા ત્વરિત અસરથી દુર કરવા માટે પણ ત્વરિત કામગીરી હાથ ધરવા પણ માંગ ઉઠવા પામી છે.

### માર્ગનું કામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરગાસણ બ્રિજનુ કામ પણ પુર્ણ કરી દેવાશે. ઉવારસદ બ્રિજનુ પણ મોટાભાગનુ કામ પુર્ણ થવાની તૈયારીમાં છે. ત્યારે આગામી દિવસોમાં ઓવરબ્રિજના લોકાર્પણ પણ કરવામાં આવશે. ચિલોડા સરખેજ માર્ગના નવિનીકરણ પ્રોજેકટ અન્વયે અત્યાર સુધીમાં નેશનલ હાઈવે ઓથોરીટીએ વનવિભાગને અંદાજિત રૂ ૪ કરોડનુ વળતર પણ ચુકવ્યુ છે. જે મુજબ વૃક્ષોની કટોતી તેમજ જમીન ફાળવણીનો પણ સમાવેશ થાય છે. ચિલોડા સરખેજ હાઈવેની કામગીરી આગામી જુન ૨૦૨૧માં પુર્ણ થઈ જશે. જેના અંતે ગાંધીનગર અમદાવાદ સહીત સૌરાષ્ટ્રના વિસ્તારમાં જતા વાહનોની અવરજવર સરળ બનશે. શેહરી રૂટમાં પણ ટ્રાફિકનો સિનારીયો બદલાશે ક્રોસ જંકશન પાસે ઓવરબ્રિજ બનતા ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળશે નહીં.

### ૧૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિવિલ હોસ્પિટલમાં તેમને બાય-પેપ પર રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમજ યુ.જી.વી.સી.એલ.માં સિનીયર આસિટન્ટ તરીકે ફરજો બજાવતા ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭ માં રહેતા અને ભિલોડા ખાતે જ્વેલરીની દુકાન ધરાવતા ૪૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માંથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી ૬૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ નિવૃત્ત કર્મયોગીને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ હાલ ૧૫૦ થી વધુ દર્દીઓ છે. જોકે રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### ફ્રાન્સનો હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટરસાઈકલ્સ પણ હવાઈ હુમલામાં નષ્ટ થઈ ગઈ છે. તેમણે જણાવ્યું કે, આ હુમલો એ સમયે કરવામાં આવ્યો જ્યારે ડ્રોનને ખબર પડી કે મોટી સંખ્યામાં મોટરસાઈકલ પર સવાર થઈને લોકો ત્રણ દેશની સરહદ પર હાજર છે. આ જેહાદી ઝાડની નીચે છૂપાયા હતા અને તેઓ નજરે ના પડી જાય તેવી કોશિશ કરતા હતા. આ પછી ફ્રાન્સની વાયુસેનાએ પોતાના બે મિરાજ ફાઈટર જેટ અને ડ્રોન વિમાન મોકલ્યા. આ વિમાનોએ આતંકવાદીઓ પર મિસાઈલ છોડી જેમાં તેમનો સફાયો થઈ ગયો.

ફ્રાંસના સંરક્ષણ મંત્રી ફ્લોરેંસ પાર્લેએ માલીની સંક્રમણકાલિન સરકાર સાથે મુલાકાત બાદ કહ્યું હતું કે, ૩૦ ઓક્ટોબરે માલીમાં ફ્રેંસ એરફોર્સે એક આક્રમક કાર્યવાહી કરી હતી જેમાં ૫૦ જેહાદીઓ માર્યા ગયા હતાં. આ કાર્યવાહીમાં મોટા પ્રમાણમાં હથિયારો પણ મળી આવ્યા હતાં. આ વિસ્તારમાં માલીની સરકાર ઈસ્લામિક આતંકવાદીઓનો સામનો કરી રહી છે. ફ્રાંસના સંરક્ષણમંત્રીએ કહ્યું હતું કે, આ હવાઈ હુમલામાં ૩૦ મોટરસાઈકલો પણ નષ્ટ થઈ ગઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે, આ હુમલો એ સમયે કરવામાં આવ્યો હતો જ્યારે ડ્રોન જ્યારે અહીં મોટી સંખ્યામાં મોટરસાઈકલ પર સવાર થઈને લોકો ત્રણ દેશોની સરહદ પર એકત્ર થઈ રહ્યાં હતાં તેની જાણકારી મેળવી તો આ જેહાદીઓ ઝાડની નીચે સંતાઈ ગયા હતાં અને બચવાનો પ્રયાસ કરવા લાગ્યા હતાં. ત્યાર બાદ ફ્રાંસીસી વાયુસેનાના બે મિરાજ જેટ અને ડ્રોન વિમાનો રવાના કરવામાં આવ્યા હતાં. આ વિમાનોએ પહોંચતાની સાથે જ આતંકવાદીઓ પર મિસાઈલો વરસાવી હતી અને તમામનો ખુરદો બોલાવી દીધો હતો. સેનાના પ્રવક્તા કર્નલ ફ્રેડરિક બાર્બીએ કહ્યું હતું કે, ૪ આતંકવાદીઓને ઝડપી લેવામાં આવ્યા છે. તેમની પાસેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટકો અને આત્મઘાતી જેકેટ મળી આવ્યા હતાં. આ આતંકવાદીઓ એક સૈન્ય મથક પર હુમલો કરતાની ફિરાકમાં હતાં. બાર્બીના જણાવ્યા પ્રમાણે ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓ સાથે ગ્રેટર સહારા વિસ્તારમાં એક અથડામણ ચાલી રહી છે. જેમાં લગભગ ૩ હજાર સૈનિકો શામેલ છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા જ ફ્રાંસમાં બે જુદી જુદી ઠેકાણે આતંકવાદી હુમલા થયા હતાં. જેને દુનિયા આખીમાં સનસનાટી મચાવી હતી. આ હુમલા વિરૂદ્ધ ફ્રાંસે આકરૂ વલણ અપનાવ્યું હતું. હુમલા બાદ જ ફ્રાંસે ઈસ્લામિક આતંકવાદ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

### વિયેનામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. એના પરથી સમજાતું હતું કે એ લોકો કેટલી પૂર્વતૈયારી સાથે આવ્યા હશે. પોલીસે કહ્યું કે સ્થાનિક સમય મુજબ સોમવારે રાત્રે આઠ વાગ્યે હુમલાના પહેલા ખબર અમને મળ્યા હતા. પાટનગરના છ વિસ્તારોમાં ગોળીબાર થયા હતા. એક વિડિયો ક્લીપ વહેતી થઈ હતી જેમાં જોઈ શકાતું હતું કે હુમલાખોર લેટેસ્ટ શસ્ત્ર સાથે સડક પર આડેધડ ગોળીબાર કરી રહ્યો હતો. હુમલાનું કારણ હજુ સુધી જાણી શકાયું નુહોતું.

ચાન્સેલર કુર્ઝે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે આ હુમલો યહૂદી વિરોધી હોઈ શકે. આ હુમલો એક યહૂદી ધર્મસ્થળ નજીક થયો હતો એટલે એમ માની શકાય કે યહૂદી વિરોધી હુમલો હતો. જો કે હુમલો થયો ત્યારે ધર્મસ્થળ બંધ હતું. ઓસ્ટ્રિયાના ગૃહ પ્રધાન કાર્લ નેહમરે કહ્યું કે લશ્કરને આદેશ આપી દેવામાં આવ્યો હતો કે મહત્ત્વનાં સ્થળોનું રક્ષણ કરવા પહોંચી જાય. તેમણે વિયેનાવાસીઓને કહ્યું હતું કે મંગળારે તમારાં બાળકોને સ્કૂલમાં મોકલતા નહીં. તમે પણ અનિવાર્ય કામ સિવાય ઘરમાં રહેજો.







**બેટરી સંચાલિત વાહન અપનાવીએ,**

પેટ્રોલ બચાવીએ તથા પર્યાવરણનું જતન કરીએ.

બેટરી સંચાલિત વાહન અપનાવીએ અને **શુદ્ધ હવા સાથે સસ્તી અને સુરક્ષિત સવારી કરીએ.**
- શ્રી નીતિનભાઇ પટેલ, માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**બેટરી સંચાલિત દ્વિ ચક્રી વાહન યોજના વર્ષ ૨૦૨૦-૨૧ યોજનાનો લાભ મેળવવા શું કરશો?**

| | |
|---|---|
| કોણ અરજી કરી શકે? | ગુજરાત રાજ્યની શાળાઓમાં ધો. ૯ થી ૧૨ તથા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી. વિદ્યાર્થી દીઠ ફક્ત એક જ અરજી કરવાની રહેશે. |
| અરજીપત્રક ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડા દ્વારા અધિકૃત ઉત્પાદકોના ડીલર્સ તથા જેડાની વેબસાઇટ geda.gujarat.gov.in |
| અરજી સાથે શું વિગતો આપવાની થાય છે? | ૧. બોનાફાઇડ સર્ટીફિકેટ, (વર્ષ ૨૦૨૦-૨૧) - મૂળ અથવા સ્કેન કરેલી નકલ અથવા સ્વ-પ્રમાણિત કરેલ અગાઉના વર્ષની માર્કશીટની નકલ<br>૨. સ્વ-પ્રમાણિત કરેલ વિદ્યાર્થીના આધાર કાર્ડની નકલ<br>૩. વિદ્યાર્થીનું સક્ષમ અધિકારીએ આપેલ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જન જાતિ/દિવ્યાંગ/ગરીબ/અતિગરીબ/બિન અનામત વર્ગનાં આર્થિક પછાત સંબંધિત પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો)<br>૪. ડ્રાઇવીંગ લાઈસન્સની સ્વ-પ્રમાણિત નકલ (ફક્ત બેટરી સંચાલિત હાઇ સ્પીડ વાહનો માટે). |
| અરજીપત્રક કોને જમા કરાવવાનું રહેશે? | અરજીપત્રક ઉત્પાદક તથા મોડેલની પસંદગી કરીને તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધીમાં પસંદ કરેલ ઉત્પાદકોના ડીલર્સ/જેડા કચેરીમાં જમા કરાવવાનું રહેશે. |
| પ્રાથમિકતાના ધોરણો | આગળનાં વર્ષમાં મેળવેલ પરીક્ષાના ગુણાંક, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, દિવ્યાંગ, સામાજીક આર્થિક મોજણી અંતગર્ત જાહેર કરેલા ગરીબ, અતિગરીબ તથા બિન અનામત વર્ગનાં આર્થિક પછાત વિદ્યાર્થીઓ |
| આ અંગે રાજ્ય સરકારની કેટલી સબસીડી મળવાપાત્ર છે? | રૂા. ૧૨,૦૦૦/- પ્રતિ વાહન |
| સબસીડીનો લાભ કઇ રીતે મળશે? | જેડા દ્વારા યોજનાની શરતો મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીના બેંક ખાતામાં વાહનની ખરીદી કર્યા પછી જમા કરાશે. |
| વાહનોના અધિકૃત ઉત્પાદક, મોડલ, મહત્તમ ભાવ, તથા તેમના ડીલર્સની માહિતી ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડાની વેબસાઇટ geda.gujarat.gov.in |
| સંપર્ક સૂત્ર | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા), ગાંધીનગર ફોન નં: ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩ તથા માન્ય ઉત્પાદકો |

(૧) અજંતા મેન્યુફેક્ચરીંગ (ઓરેવા) - ૯૯૯૮૦૨૩૧૨૪ (૨) ઓકીનાવા ઓટોટેક - ૯૨૬૮૧૧૭૪૫૮ (૩) ઇલેક્ટ્રોથર્મ (યો બાઇક) - ૯૭૧૨૯૦૮૦૪૪ (૪) હીરો ઇલેક્ટ્રીક - ૮૨૦૦૨૦૬૭૨૧ (૫) એમ્પિયર વ્હીકલ - ૯૫૯૯૭૪૮૮૮૩ (૬) વર્ડ વિઝાર્ડ - ૭૪૩૪૯૯૪૪૮૮ (૭) લોર્ડ્સ માર્ક ઇન્ડસ્ટ્રીઝ - ૯૯૨૪૨૫૫૭૭૦ (૮) રાજ ઇલેક્ટ્રોમોટીવ - ૯૯૭૮૯૦૩૩૭૭ (૯) વાયરટ્રીક મોટર્સ - ૯૫૧૦૭૦૬૭૫૮ (૧૦) જિતેન્દ્ર ઇલેક્ટ્રીક - ૭૦૫૭૨૯૯૯૯૯

GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી,
ચોથો માળ, બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક : ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧, ૫૩
ઈ-મેલ : director@geda.org.in | વેબ સાઈટ : www.geda.gujarat.gov.in